સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

જુની જીત પર ખોભે ખોભે અંજલિ ઢોળાય છે!
પ્રેરક કથાઓ કહી-કહી ચીકણું ચોળાય છે!
ડહોળાય છે 'કોરોના'ની ચિંતામાં જન-જીવન -
'મનની વાત'માં, અંદર તો જુદું જ ધોળાય છે!!

હાઈકુ

મળતાં નથી -
પ્રેરણા - પ્રોત્સાહન -
મુંઝાય મન...

વિશ્વ સંદર્ભે -
ટકાવારી ના ડોઝે
સાજા થવાય ?!

ચિંતન

પવમાનઃ પુનાતુ મા કત્વે દક્ષાય જીવસે ।
અધો અરિષ્ટતાતયે ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

હે પરમાત્મા !! મારા હૃદયમાં ભક્તિભાવ અને કર્મણ્યતાનો વિકાસ થાય. મને આરોગ્ય મળે, જીવન મળે, મને બધી બાજુથી પવિત્ર બનાવો.

માનવીએ બહારથી અને અંદરથી પવિત્ર રહેવું જોઈએ કેમ કે પવિત્રતામાં જ પ્રસન્નતા રહેલી છે. પવિત્રતામાં મનની પ્રસન્નતા, શીતળતા, શાંતિ, નિશ્ચિતતા, પ્રતિષ્ઠા અને સચ્ચાઈ રહેલા છે. ચૈતન્ય, સજાગતા, સુરુચિ, સાત્ત્વિકતા, સ્વચ્છતા, સાદી અને સુવ્યવસ્થામાં સૌંદર્ય છે તેને પણ પવિત્રતા કહેવાય છે.

આત્મા સ્વાભાવિક રીતે પવિત્ર અને સુંદર છે એટલે આત્મપરાયણ માનવીના વિચાર વ્યવહાર અને વસ્તુઓ હંમેશા સ્વચ્છ અને સુંદર હોય છે. શારીરિક, માનસિક અને અધ્યાત્મિક પવિત્રતાથી જીવનોદેશની પ્રાપ્તિ શક્ય છે.

સુવિચાર

- ચિત્રને બદલે ચરિત્ર દેખાય તો અડધા લોકો અરીસો જોવાનું બંધ કરી દે - **જીવનપાથેય**
- કારણ કોઈ પણ હોય જો તમે અધવચ્ચેથી છોડી શક્યા તો એ રમત હશે સંબંધ નહિ - **એસ. ભટ્ટાચાર્ય**
- ભગવાને કોઈનું નસીબ ખરાબ લખ્યું જ નથી સાહેબ,
  એ આપણને દુઃખ આપીને ખોટા રસ્તેથી પાછા વાળવા માંગતા હોય છે - **ગોપાલ ચાતક**
- કોઈના ઘા પર મલમ ભલે ના લગાવો, પણ ખોતરીને ખાતરી કરવાનું તો રહેવા દો - **સંજય છેલ**
- આપણે જેવા પણ હતા મા-બાપે આપણને સ્વીકારી લીધા,
  મા-બાપ જેવા પણ છે આપણે તેમને સ્વીકાર્યા ખરા? - **મોરારિ બાપુ**
- અંધારું પ્રકાશની ગેરહાજરી છે, અહંકાર જાગૃતિની ગેરહાજરી છે - **ઓશો**
- આજનું ઔષધ : નાગરવેલના પાનના રસમાં સૂંઠ અને મધ મેળવીને ચટાડવાથી બાળકોને આફરો, અપટો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાવ સામાન્ય દેખાવ અને દસ ધોરણ સુધીનું શિક્ષણ મેળવી, કોલેજ ન કરી શક્યા તેમ છતાં એચ.પી. હાવેલ. એક સામાન્ય કારકુનમાંથી અમેરિકાની નેશનલ બેંક એન્ડ ટ્રસ્ટ કંપનીના ચેરમેન બની શક્યા. અમેરિકાની અર્થવ્યવસ્થામાં તેમણે પોતાની કાબેલિયતથી આગવું સ્થાન ઊભું કરી શક્યા. પત્રકારે એમની આવી અવિરત પ્રગતિ માટે પ્રશ્ન કર્યો. ત્યારે હાવેલે જવાબ આપ્યો. 'હું એક નાની એપોઈન્ટમેન્ટ ડાયરી રાખું છું. એ ડાયરીમાં એક દિવસમાં કરવાના કામોની અગ્રતાક્રમ મુજબ નોંધ કરી રાખું છું. શનિવારે સાંજે નિરાંતે બેસીને ગયેલા પાંચ દિવસમાં કરેલા કાર્યનું એક ચિંતન કરું છું. એ ચિંતનમાં મેં ક્યારે કુશળતા વાપરી અને કઈ જગ્યાએ ભૂલ કરી તેને યાદ કરતો. હવેથી આવી સામાન્ય ભૂલ ન થવી જોઈએ તેવું મનોમન નક્કી કરી દેતો. આમ દર શનિવારના આવા આત્મચિંતન અને સ્વસુધારણા દ્વારા મેં મારી જાતને કેળવી છે. બસ આ દેખીતી નાની વાતથી મારું વ્યાવસાયિક જીવન ઉત્તરોત્તર પ્રગતિમય થયું છે.' પત્રકારે હાવેલની વાતો ધ્યાનથી સાંભળી અને ખુદ તેના પર અમલ કરવાનો મનોમન નિશ્ચય કર્યો.

ચીન દગાખોર દુશ્મન છે

તંત્રીસ્થાનેથી...

એકવીસમા કારગીલ વિજય દિવસને યાદ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અમિત શાહે વીર શહીદોની સ્મૃતિને વાગોળી છે. ભારત બે યુદ્ધોમાં થાપ ખાઈ ગયું એ પૈકી કારગીલ યુદ્ધ પણ હતું. નહેરુની જેમ વાજપેયી પણ છેતરાઈ ગયા હતા. નહેરુને ચીની વડાપ્રધાન ચાઉ એન લાઈએ પીઠ પાછળ છરો ભોંક્યો હતો એમ કારગીલ યુદ્ધમાં તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફની શરાફતને હાંસિયે હડસેલી જનરલ મુશરર્ફે ઓચિંતો હુમકો કરી ૫૨૭ જેટલા ભારતીય જવાનોનો ભોગ લીધો હતો. ફરક એટલો હતો કે ચીને પચાવી પાડેલી જમીન આજપર્યંત એના કબજામાં છે જયારે કારગીલના પહાડોને નાપાક દુશ્મનના પડછાયાથી મુક્ત કરવામાં ભારતને સફળથા સાપંડી હતી. બે એવાં યુદ્ધો કોંગ્રેસના શાસનકાળ દરમિયાન લડાયાં જેમાં ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની મૂઠી ઊંચેરી છાપ જળવાઈ રહે એ હેતુથી અનેક બલિદાનો પછી હસ્તગત કરેલો વિજય રફેદફે કરી મૂક્યો હતો. ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભારતીય સેનાએ લાહોર પહોંચી જઈ ત્રિરંગો ફરકાવ્યો હતો અને ૧૯૭૧ના ફીલ્ડ માર્શલ (તે વખતે જનરલ) માણેકશાના નેતૃત્વમાં ભારતીય સૈન્યે પાકિસ્તાનની પૂર્વ પાંખ તોડી નવા દેશનું નિર્માણ કર્યું હતું. ૧૯૬૫ની સિદ્ધિને તાશ્કંદ કરાર પર સહી કરી તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ભારતની પ્રજાને નિરાશ કરી હતી. તેઓ પોતે પણ આંતરિક સ્ટ્રેટનો ભોગ બની મૃતદેહ સ્વરુપે જ પાછા ફર્યા હતા. ૧૯૭૧ના યુદ્ધ જેવી મોટી સફળતા ભારતીય સેના માટે ગૌરવના ગુરુશિખર સમી ઘટના હતી. પરંતુ પોતાના સૈન્ય મારફત આઝાદ કરાવેલ બાંગ્લાદેશને ભારત ઈસ્લામિક રાષ્ટ્ર બનતું ન રોકી શક્યું. બીજા કોઈ દેશે ભારત જેવું પરાક્રમ કર્યું હોત તો નવજાત રાષ્ટ્રને યાવચ્ચંદ્ર દિવાકરૌ ખંડિત દેશ તરીકે રાખ્યું હોત. બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા શેખ મુજીબ-ઉર-રહેમાનની હત્યા પછી એનું સ્વરુપ જ બદલાઈ ગયું. સરસેનાપતિ ઝિયા ઉર રહેમાન ચઢી બેઠા અને એ પછી આખા દેશ પર વારાફરતી બે મહિલાઓનું વર્ચસ્વ રહ્યા કર્યું. બે પરિવારોનું શાસન, છતાં કહેવાય લોકશાહી ! તાજેતરમાંમાં બાંગ્લાદેશની અવળચંડાઈનો પરચો મળ્યો છે. અત્યાર સુધી કાશ્મીર મુદ્દાને ભારતની આંતરિક બાબત ગણાવી પાકિસ્તાનના દાવાની વિરુદ્ધનું સ્ટેન્ડ લેનાર બાંગ્લાદેશનાં વડાપ્રધાન સાથે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને કેટલીક બાબતોની ચર્ચા કરી એમાં ભારત કાશ્મીરીઓ પણ જુલમ કરી રહ્યું હોવાની વાત પણ પણ આવી. શેખ હસીના વાઝેદ ભલે મોદી સાથે સૌજન્યપૂર્વક વર્તતાં હોય અને ભારત તરફી વલણ દાખવતાં લાગે, પરંતુ એમના જ કાર્યાલયમાં છેલ્લા ઘણાં વખતથી પાકિસ્તાન તરફી વલણ ધરાવતાં તત્ત્વોએ પ્રભુત્વ જમાવ્યું છે. ઈસ્લામિક રાષ્ટ્રવાદના મુદ્દે એમને પાકિસ્તાન વધારે પોતીકું લાગવા માંડ્યું છે. સંશોધકો અને વિશ્લેષકોએ એ વલણની સમીક્ષા કરતાં કહ્યું છે કે બાંગ્લાદેશ પર ચીનનું દબાણ આવ્યું હોવું જોઈએ. ચીન દક્ષિણ એશિયાની મહાસત્તા તરીકે ભારત વિરુદ્ધ એના પાડોશીઓને ઉશ્કેરવા માંડ્યું છે. નેપાળે એનું પોત પ્રકાશી દીધું અને બાંગ્લાદેશ એની તૈયારીમાં છે. આમ પણ નાગરિકતા કાયદાનો વિરોધ નોંધાવી બાંગ્લાદેશના વિદેશમંત્રી અબ્દુલ મૂમને તો એમની ભારત મુલાકાત તે સમયે રદ કરીને સંકેત પાઠવી જ દીધો હતો. હવે જયારે પાક વડાપ્રધાન સાથે શેખ હસીના ગુફતેગુ કરવા લાગ્યાં છે ત્યારે ભારતે જરૂર સાવચેત રહેવું પડશે. દેખીતું છે કે વર્તમાન સરકારનો હિંદુત્વવાદી અભિગમ ઈસ્લામિક રાષ્ટ્રને પસંદ ન જ હોય. અબજોપતિ ફઝલુર રહેમાન બાંગ્લાદેશના વડાપ્રધાનના પ્રાઈવેટ સેકટર ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્વેસ્ટમેન્ટ માટેના સલાહકાર નિમાયા છે. એમનો બિઝનેશ ચીન સાથે સંકળાયેલો છે અને સ્વભાવિક રીતે જ તેઓ ચીનના શુભેચ્છક તરીકે ભારત વિરોધી વલણ ધરાવે છે. ચીન ભારતની સરહદો પર આવેલા પાડોશી રાષ્ટ્રોને કોઈ ને કોઈ બહાને એકજૂટ કરવા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે જે બાંગ્લાદેશની આઝાદી માટે ભારતના હજારો સૈનિકોએ લોહી રેડ્યું હતું તે ભારતની ગાંડી ઉદારાતાને કારણે એળે જઈ રહ્યું છે. બાંગ્લાદેશને આઝાદી અપાવતી વખતે ભારતે એની સાથે આગોતરા કરાર કરવાની જરૂર હતી જે ઈંદિરા ગાંધી ચૂકી ગયાં હોય એમ નથી લાગતું?

શ્રી સોમનાથ મહાદેવ : ધૂધવતો મહાસાગર સતત કરે છે એનું પ્રક્ષાલન

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ડેડી, પ્રભાસ ક્ષેત્ર એટલે ક્યો વિસ્તાર ?' દીકરીએ પૂછ્યું અને તુરંત જવાબ આપવાના બદલે મૂંગો રહ્યો એટલે ફરી પૂછ્યું... અને જવાબમાં વ્હાલથી કીધું કે 'બેટા, તને માત્ર માહિતી નહી આપુ... આપણે ત્યાં સાથે યાત્રાએ જઈશું પણ ખરા...' ને ભોળાનાથની કૃપાથી બહુ થોડા સમયમાં ગત શિવરાત્રીના દિવસો દરમિયાન જ સોમનાથના દર્શને જવાનો સપરિવાર અવસર મળ્યો... મનમાં અનહદ આનંદ છવાયો.

સોમનાથની દિવ્ય ધરા... ઉછાળા મારતો મહાસાગર, પૂર્ણપણે ભક્તિમય વાતાવરણ, શ્રીકૃષ્ણના સ્મરણો અને શીવપૂજનનો આનંદ જ અવર્ણનીય હોય છે એની અનુભૂતિ ડગલે ને પગલે થઈ. દ્વાદશ જયોતિર્લિંગમાં પ્રથમ છે શ્રી સોમનાથ મહાદેવ. ધૂધવતો મહાસાગર સતત કરે છે એનું પ્રક્ષાલન.

ખૂબ જાણીતી કથા છે, તે અનુસાર સોમ એટલે કે ચંદ્રએ અહીં દક્ષ પ્રજાપિતાના શ્રાપમાંથી મુક્તિ મેળવવા અને શિવજીને રિઝવવા કઠિન તપશ્ચર્યા કરી હતી. પ્રસન્ન થયેલા શિવજીએ જયોતિર્લિંગ સ્વરુપે પ્રગટીને ચંદ્રને શ્રાપમાંથી મુક્તિ આપી. આ વરદાનરુપે શિવલિંગ, શિવભક્તિ સોમના નામે પ્રચલિત થયું અને સોમનાથ તરીકે ઓળખાયું.

દંતકથા અનુસાર આ મંદિર સૌ પ્રથમ સોમે, પછીથી રાવણે, પછી કૃષ્ણએ અને પછી ભીમદેવ બંધાવ્યું છે. આ શિવલિંગની રોજ એક હજાર બ્રાહ્મણે દ્વારા પૂજા થતી હતી, એક મણ સોનાની સાંકળથી ઘંટનાદ થતો, ૫૬ સ્તંભો સોનુ-રૂપુ, હીરા-માણેકથી જડેલા હતા. વિદેશી અક્રમણથી સોમનાથનું મંદિર અનેકવાર ખંડિત થયું, એટલી જ વાર વધુ ભવ્યતાથી નિર્ણામ પામ્યું.

લોહપુરુષ સરદાર પટેલે ૧૧ નવેમ્બર ૧૯૪૭ના દિવસે અહીં જ આ મંદિરના પુનઃ નિર્માણનો સંકલ્પ કર્યો. અને તા. ૧૧ મે, ૧૯૫૧ના દિવસે સોમનાથના જયોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા થઈ.

કાર્તિક મહિનામા યોજાતો કાર્તિકી પૂર્ણિમા મહોત્સવ, શિવરાત્રીનો મેળો, શ્રાવણ માસ - દિવાળી અને અન્ય દિવસોમાં અહીં વિશેષ ભીડ જોવા મળે છે. ભાલકા તીર્થ, ત્રિવેણી ઘાટ, ગોલોકધામ પરિસર, શ્રીરામ અને પરશુરામ મંદિર - સૂર્યમંદિર વગેરેના દર્શન કરીને ભક્તો ધન્ય થાય છે, જયારે સોમનાથ મહાદેવના દર્શને આવે છે. અહીં કાર્યરત સંસ્કૃત યુનિવર્સિટીનું પણ ભારતની વૈદિક પરંપરાના પ્રસારમાં બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

પ્રભાસ ક્ષેત્રમાં જ શ્રીકૃષ્ણ ભગવાને દેહોત્સર્ગલીલા કરી. ભગવાન, લકુલીશ, મહર્ષિ શાકલ્પ, પાંડવો, ભગવાન પરશુરામ, આદિ શંકરાચાર્ય, જેવી વિભૂતિઓના સ્મરણો આ ભૂમિ સાથે જોડાયેલા છે. સ્કંદપુરામ સહિતના અનેક પ્રાચીન ઉલ્લેખ જોવા મળે છે. અહીંની ભૂમિ પરના અન્ય ધર્મસ્થાનોમાં રાણી અહલ્યાબાઈએ બંધાવેલું મંદિર, પ્રભાસ પાટણ મ્યુઝિયમ, પ્રાચીન ગુફાઓ, રુદ્રેશ્વર, ગોલોકધામ, ત્રિવેદી સંગમ, રામમંદિર, હમીરજી ગોહિલ અને વેગડાજી ભીલની દેરી, પ્રાચીન પીપળો વગેરે કોવિડ-૧૯ મહામારીના કારણે સરકારની ગાઈડ લાઈન્સ મુજબ મંદિર બંધ રહ્યું, પરંતુ આ લખનાર સહિતના હજારો ભક્તોએ ઘરે બેસીને શિવ-અભિષેક અને દર્શકનો ઓનલાઈન લાભ લીધો.

શ્રી સોમનાથ ટ્રસ્ટ તથા શ્રીકૃષ્ણ સેવા ટ્રસ્ટ (શ્રી ડોંગરેજી મહારાજ અન્નક્ષેત્ર) દ્વારા લોકડાઉનના સમયમાં ઘરવિહોણા પરિવારો, ઝૂંપડપટ્ટીના વિસ્તારો તથા જરૂરિયાતમંદો સુધી બંને ટાઈમ ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. બહારના રાજયોના શ્રમજીવીઓને તથા અન્ય લોકોને ટ્રસ્ટના આવાસ-નિવાસની તથા ભોજનની સુવિધા આપવામાં આવી હતી.

આ ઉપરાંત શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કોરોના વાઈરસ સામે લડવા મુખ્યમંત્રીના રાહત ફંડમાં રૂા. ૧ કરોડની રકમ આપવામાં આવી છે. સમયને અનુરુપ અનેકવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

શ્રાવણ માસમાં શ્રદ્ધાળુઓ સરકારના નિયમો પાળીને દર્શન કરી શકે એ માટે પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ટ્રસ્ટની વેબસાઈટ પરથી ઓનલાઈન દર્શન માટે બુકીંગ કરાવીને યાત્રિક પાસ મેળવી શકે છે.

જેઓ ઓફલાઈન પાસ મેળવવા ઈચ્છે તેમના માટે દર ૩૦ મિનિટના સ્લોટમાં પરિસ્થિતિને અનુરુપ પાસ કાઢી અપાશે. આ માટે ૪ કાઉન્ટર કાર્યરત કરાયા છે.

અનુસંધાન પાના નં ૭ પર

શું તમને ખબર છે કે બકોર પટેલનું પૂતળું પેરિસના સંગ્રહાલયમાં છે?



વિચારયાત્રા
ડો. જય ઓઝા

બકોર પટેલ, શકરી પટલાણી, હાથી શંકર, ટીમુ પંડિત, ડોક્ટર ઊંટડીયા, ગાડરમલ ઘીવાળા, વાઘજીભાઈ વકીલ, સસમલ શેઠ આ બધા પાત્રોના નામ યાદ છે ? શ્રી હરિપ્રસાદ વ્યાસ દ્વારા રચાયેલા અમર બાળપાત્ર એટલે ''બકોર પટેલ''. બકોર પટેલનું પાત્ર હરિપ્રસાદ વ્યાસે રચીને ગુજરાતી બાળસાહિત્યની ઊંચાઈ એવરેસ્ટ પર પહોંચાડી દીધી છે. પેરિસમાં વિશ્વના પ્રસિદ્ધ હાસ્ય રસિક પાત્રોનું સંગ્રહસ્થાન છે. આ સંગ્રહસ્થાનમાં બકોર પટેલનું પૂતળું પણ છે. આપણી ગુજરાતીઓની છાતી ગજગજ ફૂલે એવી આ ઘટના છે.

બકોર પટેલને બકરા તરીકે મધ્યમ વર્ગના વ્યાપારી અને તેમની બકરી પત્ની શકરી પટલાણી સાથે મુંબઈમાં રહેતા દર્શાવવામાં આવ્યા છે. તેમને મુંબઈથી જાપાન સાથે વેપાર કરતી પેઢી છે. ૧૯૪૦-૫૦ના દાયકામાં તેઓ ઉપરી-મધ્યમવર્ગનું જીવન ગાડી અને બંગલા સાથે જીવે છે. તેમનાં મિત્રોમાં વકીલ તરીકે વાઘજીભાઈ વકીલ, હાથીભાઈ ધમધમિયા, ઊંટડિયા ડોક્ટર, ટીમુ પંડિત જિરાફ જોશી છે. બકોર પટેલ એ વ્યાપાર માટે પ્રવાસ કરતાં કૌટુંબિક વ્યક્તિ તરીકે અને તેમનાં કુટુંબ અને મિત્રો સાથે સમય વ્યતિત કરતા દર્શાવવામાં આવ્યા છે. તેમની પત્ની સાથે તેમને ઉમદા સંબંધો છે. તેઓ હંમેશા નાનાં સાહસો ખેડે છે જેનો અંત હંમેશા ઊંધો આવે છે. તેમ છતાંય તેઓ તેમનાં સાહસની નિષ્ફળતાને માણે છે અને નવું સાહસ કરવા તૈયાર રહે છે. તેમનું કુટંબ અને મિત્રો તેમનાં સાહસોમાં સાથ આપે છે અને તેને આનંદથી માણે છે.

બકોર પટેલ એ હરિપ્રસાદ વ્યાસ દ્વારા સર્જિત બાળસાહિત્યનું રમૂજી કાલ્પનિક પાત્ર છે, જેની વાર્તાઓ ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત દ્વારા પ્રકાશિત બાળસાહિત્ય પખવાડિક ''ગાંડીવ''માં પ્રકાશિત કરવામાં આવતી હતી. બકોર પટેલની આ રમૂજી વાર્તાઓ ૧૯૩૬માં સૌપ્રથમ પ્રકાશિત થઈ હતી અને ૧૯૫૫ સુધી ચાલુ રહી હતી. આ વાર્તાઓની સાથેના ચિત્રો સુરતના કલાકાર ભાઈઓ તનસુખ અને મનસુખ દ્વારા દોરવામાં આવતાં હતાં.

ઓ..ઓ..પ્રશ્ન ખોટો પૂછાઈ ગયો... ખરેખર તો પૂછવું જોઈએ કે તમે બકોર પટેલને ઓળખો છો?

હરિપ્રસાદ વ્યાસનો જન્મ ૨૫ મે ૧૯૦૪ના રોજ વડોદરા નજીક આવેલા બોડકા ગામમાં થયો હતો. ૧૯૨૧માં તેઓએ વડોદરામાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ૧૯૨૫થી નિવૃત્તિ સુધી તેઓ ક્લઝેનિથ લાઈફ એન્ડ ઈન્સ્યોરન્સ' કંપનીમાં મેનેજરના પદે રહ્યા હતા. ૧૩ જુલાઈ ૧૯૮૦ ના રોજ સાન હોઝે, કેલિફોર્નિયા, અમેરિકામાં તેમનું મૃત્યુ થયું હતું.

હમણાં lockdown સમયમાં ઘરમાં બેઠાંબેઠાં બાળકોને વાંચનપ્રવૃત્તિ મળી રહે, તે હેતુથી ગૂર્જર પ્રકાશનમાંથી ''બકોર પટેલની વાર્તાઓ''ની પુસ્તિકાઓ મંગાવી. પુસ્તકો આવતાં જ બાળકો તો ખુશ થયા પરંતુ જાણે મારું પોતાનું બાળપણ પાછું આવી ગયું તેવું અનુભવ્યું. ટોમ એન્ડ જેરી, મિકી માઉસ જેવાં પાત્રો વિશ્વપટલ પર સફળ રહ્યા છે અને તેમના સર્જકોને દુનિયાએ માથે બેસાડીને નવાજ્યા પણ છે. જ્યારે આપણા રમણલાલ સોની, હરિપ્રસાદ વ્યાસ, જીવરામ જોષી જેવા વિશ્વકક્ષાના સર્વોત્તમ બાળ સાહિત્યકારોને આપણે અન્યાય કર્યો હોય તેવું લાગે છે.

બકરી જેવા સામાન્ય પ્રાણીને લઈને, આવી સુંદર કથાસૃષ્ટિની રચના કરવી એ તો તે સમયે કોઈ કલ્પી પણ ન શકે. અને આવી ગજબની સફળતા મળશે એ તો સ્વપ્નીલ જ લાગે.

ગુજરાતી હાસ્યસાહિત્યમાં અભૂતપૂર્વ કહેવાય એવી પાત્રસૃષ્ટિ સર્જનાર તારક મહેતાએ લખ્યું છે કે, 'બકોર પટેલ વાંચ્યે તો વર્ષો થઈ ગયાં, પણ એની પાત્રસૃષ્ટિ મારી ચેતનામાં એવી ઊંડી ઉતરી ગઈ છે કે મારાં પાત્રો જાણે 'બકોર પટેલલ્લનાં પાત્રોનો માનવઅવતાર ન હોય ! એવું બીજાંઓને લાગતું હોય કે ન લાગતું હોય, મને તો લાગે જ છે. 'તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા'ની ટીવી શ્રેણીએ મને ઘણો યશ અપાવ્યો છે. પણ ડગલે ને પગલે છબરડા વાળતા મારા 'જેઠાલાલ'માં જાણે બકોર પટેલનો પુનર્જન્મ થયાનું મને લાગે છે. 'દયા' શકરી પટલાણીની યાદ અપાવે છે, તો ડૉક્ટર હાથી અનેક રીતે હાથીશંકરની યાદ અપાવે છે.' ('બકોર પટેલની હસતી દુનિયા' - સંપાદક : હુંદરાજ બલવાણી, હર્ષ પ્રકાશન)

બાળ-કિશોર વયમાં બકોર પટેલનું તો રીતસરનું ઘેલું લાગતું. બકોર પટેલ, શકરી પટલાણી આ બધા જાણે ઘરના કોઈ સભ્ય હોય તેવી રીતે આત્મીય સ્વજન બની રહેતા. ગુજરાતીભાષી બાળકો અને કિશોરો તો આ વાર્તાને માણતા જ પણ મોટેરાઓને પણ આમાં એટલો જ રસ પડતો. નિર્દોષ હાસ્ય કથાઓ માટે ગુજરાતી પ્રજા સ્વ.હરિપ્રસાદ વ્યાસની કાયમ ઋણી રહેશે. તેમની આ બધી કથાઓ ક્લગાંડીવ સાહિત્ય મંદિરલ્લ દ્વારા ''બકોર પટેલની અમર હાસ્ય કથાઓ''નાં નામે પ્રકાશિત કરીને સ્વ.નટવરલાલ માલવીએ ગુજરાતી ભાષાની મૂલ્યવાન સેવા કરી છે. ત્યારબાદ નટવરલાલ માલવીના સુપુત્ર સુભગ માલવી તથા પૌત્ર અભિનવ માલવીએ બકોર પટેલની આ કથાઓ પુનર્મુદ્રિત થતી રહે તેની કાળજી લઈને આ વારસાને દીપાવ્યો છે. અને આજે પણ ગૂર્જર પ્રકાશન દ્વારા તેને આવી રીતે પ્રસિદ્ધ કરવામાં આવે છે, તે ધન્યવાદને પાત્ર છે. બસ હવે મિયા ફૂસકી અને અડૂકિયો દડૂકિયોની કથાઓ પણ આવી રીતે મળી જાય તો જાણે મોટો ખજાનો હાથ લાગ્યો હોય તેવો આનંદ થશે.

આજની પેઢીને કાર્ટૂન નેટવર્ક પરના ઢંગધડા વગરના અને મૂલ્યોની કશી જ સમજ ન આપતા બેહુદા કાર્ટૂન કેરેક્ટર માટે ઉછળતા જોઈને દયા આવે છે અને દુઃખ પણ થાય છે. દયા આવે છે કારણકે તેમને બકોર પટેલ જેવું કોઈ કાર્ટૂન કેરેક્ટર છે,તેની જાણ જ નથી, અને દુઃખ એ વાતનું થાય છે કે મિયા ફુસકી, અડુકિયો દડુકિયો, બકોર પટેલ જેવાં પાત્રો પછી આજે આ બાળકોને દ્રષ્ટાંતરૂપ એવું એક પણ ગુજરાતી હાસ્ય રસિક પાત્ર આપણે સર્જી શક્યા નથી અને ભૂતકાળના આ અમર પાત્રોને તેમના સુધી પહોંચાડી પણ શક્યા નથી.

અમે મિયા ફૂસકી સિપાઈ બચ્ચાપ.આ સંવાદ તો દરેક બાળકનાં મોઢે રમતો હતો. અડૂકિયો-દડૂકિયો, તભાભટ્ટ જેવા પાત્રો તો બાળકોના ગોઠિયા બની ગયા હતા. ચાંદામામા, નિરંજન, ઝગમગ જેવાં બાળસામયિકોનો એ સુવર્ણયુગ હતો. આમ જોવા જઈએ તો બકોર પટેલની આ વાર્તાઓ અગાઉ લખ્યું તેમ ૧૯૫૫ સુધી પ્રગટ થતી રહી. પરંતુ આપણાં વડીલો અને મુરબ્બીઓની માવજતના કારણે હજી ૧૯૮૦ કે ૮૫ સુધી આ પાત્રો બાળકો વચ્ચે જીવંત રહ્યાં. પણ પછી હવે આ બાગડોર આજે આપણી પેઢીએ ઉપાડી લેવી જોઈએ કે આપણાં બાળકોને આ અમૂલ્ય વારસો પહોંચાડવો તે આપણી નૈતિક ફરજ છે. ભલું થજો વિકીપીડીયાનું, 'બેઠક' જેવા બ્લોગનું અને આ પુસ્તકોની પ્રસ્તાવનાનમાં આપેલી વિગતોનું કે આજે આ લેખ દ્વારા હું આપની સમક્ષ આ દસ્તાવેજ મૂકી રહ્યો છું.

- jayuoza@gmail.com
Mo.9898046488

સરખામણીના સાંઠીકડા સમજદારીપૂર્વક હટાવી લેવા

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બે યુવાન મિત્રોની વાત છે. બન્ને એક મલ્ટીનેશનલ કંપનીમાં એક્ઝિક્યુટીવ કક્ષા ઉપર સરસ કામ કરે. ઉંમર પણ બન્નેની લગભગ સરખી. એક મિત્ર રોજ ઓફિસમાં બ્રાન્ડેડ કંપનીના સુઝ, વોચ, ગ્લાસ, કપડા પહેરીને વેલ ડ્રેસ થઈને આવે. બીજો મિત્ર આ જોઈને લઘુતાગ્રંથીથી પીડાતો. જો કે બન્ને વર્ક પરફોર્મન્સમાં અવ્વલ હતાં. બ્રાન્ડેડ કપડાં અને અન્ય બ્રાન્ડેડ વસ્તુઓથી જાણે અજાણે 'ઈન્ફિરિયારિટી કોમ્પલેક્સલ્લનું જાળું બનતું ગયુ. સમય જતાં જે મિત્ર પોતાને નીચો હોવાનું ફીલ કરતો હતો એના કામમાં ઉપર અસર વર્તાવા લાગી. એના 'યરલી પરફોર્મન્સ રીપોર્ટલ્લમાં પણ 'ડાઉન ફોલ' જોવા મળ્યો.

આ ઘટનાના પાયામાં સરખામણીનું તત્વ છે. અજાણતા જ એવી કોઈ અગમ્ય ઈન્ફિરિયારીટી મન ઉપર હાવી થઈ જાય છે કે, એના દુષ્પરિણામો પ્રાપ્ત વિના રહેતા નથી. 'મારાથી એ આગળ નીકળી જશે' એવી ઈન્ફિરિયારિટીની ભાવના અસલામતી ઊભી કરવાનું મૂળ હોય છે. દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેના જીવનમાં આવી લાગણી ન જન્મી હોય. નીચા હોવાની મનની ભાવના પાછળ સરખામણીનું તત્વ સૌથી મોખરે હોય છે. દેખાવ, રૂપ, રંગ, પૈસા, સત્તા, હોંશિયારી વગેરે જેવા પાસાઓની બીજા સાથેની તુલના વિનાશ નોતરે છે.

ક્યારેક શાંત ચિત્તે વિચારવામાં આવે તો સ્પષ્ટ થાય કે, કોઈપણ વ્યક્તિ સરખામણી અંદરખાને ચીસો પાડીને કહેતી હોય છે કે, ફલાણી બાબતમાં હું એનાથી ચડિયાતો છું. જ્યારથી પણ સામેવાળી વ્યક્તિની વાત ઊંચી લાગે અને પોતાની વાત નીચી લાગે ત્યારથી 'ઈન્ફિરિયારિટી કોમ્પલેક્સ'ની શરૂઆત થઈ જાય છે.

આપણે આપણું 'ધ બેસ્ટ' બતાવવામાં મશગુલ હોઈએ છીએ. જો કે એ જ સાચી રીત છે. પરંતુ જ્યારે જે નથી હોતું તે બતાવવાની મથામણ કરવામાં આવે છે ત્યારે અનર્થ સર્જાય છે. આજકાલ સોશિયલ મીડિયાનો ટ્રેન્ડ ધુમ મચાવે છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે ટ્વીટર હેન્ડલ ઉપર ભાઈઓ રણવીર, વરૂણ કે ટાઈગર શ્રોફ જેવી સ્ટાઈલની તસવીરો મૂકે છે તો બહેનો આલીયા, કેટરીના, દિપિકા જેવી સ્ટાઈલોમાં તસવીરો અપલોડ કરતી જોવા મળે છે. અઢી ત્રણ દાયકા પૂર્વે સોશિયલ મીડિયાનું ચલણ ન હતું તે વખતમાં 'પેન ફ્રેન્ડલ્લનો જબરો ટ્રેન્ડ હતો. એક મિત્રએ એની ઓસ્ટ્રેલિયન 'પેન ફ્રેન્ડ'ને ઋષિકપુરનો ફોટો મોકલી પોતાની ઓળખ આપી હતી. કેવું પાગલપન ! જે નથી એ બતાવવાની ઘેલછા દુઃખને નોતરે છે.

કંપેરીઝન પાછળ કોઈને કોઈ કારણ અવશ્ય હોય છે. ક્યારેક નક્કર હકીકતો ઉપર પણ સરખામણી થઈ હોય એવી પ્રબળ સંભાવનાઓને પણ નકારી ન શકાય. જ્યારે સરખામણી પાછળ કોઈ સચ્ચાઈનું આવરણ ન દેખાય ત્યારે એ સરખામણીથી માઠું નથી લાગતું. દરેક વ્યક્તિની પોતાની અલગ તાકાત હોય છે અને સાથે સાથે પોતાની અલગ નબળાઈ પણ હોય છે. નબળાઈ સંતાડીને તાકાતનું પાસુ વધુ જોરશોરથી બતાવવાનો સૌ કો